**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૭ ટકા

# લગ્ન પ્રસંગોમાં ૧૬મીથી બ્રેક લાગશે

ગાંધીનગર, તા.૯

હિંદુ શાસ્ત્રો અને જ્યોતિષ શાસ્ત્રો મુજબ તિથિના શુભ સંયોગમાં શુભ કાર્ય કરતા હોઈએ છીએ. વર્ષે અને દિવસે સર્જાતા ગ્રહ, નક્ષત્ર અને તિથિના શુભ સંયોગમાં લગ્ન, હવન, યજ્ઞ અને ચોક્કસ શુભ કાર્યો કરવામાં આવે છે ત્યારે કેટલાક મુહુર્તો શુભ હોય છે તો કેટલાક મુહૂર્તો અશુભ હોય છે.

આગામી ૧૬મી તારીખે સૂર્યદેવ ધન રાશિમાં પ્રવેશ કરશે અને ધનુર્માસ શરૂ થઈ જશે. જેને ધાનરક કમુરતા પણ કહેવામાં આવે છે. જ્યોતિષ ગ્રંથો પ્રમાણે આ સમયગાળા દરમિયાન માંગલિક કાર્યો થઈ શકે નહીં. ધનુર્માસ ૧૪મી જાન્યુઆરી ૨૦૨૩ સુધી રહેશે. તે પછી લગ્ન માટે મુહૂર્ત મળી શકશે. ૧૬મી તારીખે સાંજે લગભગ ૭ વાગે સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે. જેથી ધનુર્માસ શરૂ થઈ જશે. આ મહિનો ૧૪ જાન્યુઆરી સુધી રહેશે. મકર સંક્રાંતિ સાથે ધનુર્માસ પૂર્ણ થઈ જશે. આ આખા ધનુર્માસમાં સૂર્ય, ગુરૂની રાશિમાં હોય છે. સૂર્ય, ગુરૂની રાશિ એટલે ધનમાં રહે છે ત્યારે આ સમયગાળા દરમિયાન કોઈપણ પ્રકારના મંગળ કાર્યો થઈ શકતા નથી. ગુરૂ માંગલિક કાર્યોનો કારક ગ્રહ છે. ધન અને મીન રાશિ ગુરૂ ગ્રહની રાશી છે. જેમાં ગ્રહરાજ સૂર્યના પ્રવેશ કરતાં જ ધનુર્માસ દોષ લાગે છે. જ્યારે સૂર્યની રાશિમાં ગુરૂ હોય અને ગુરૂની રાશિમાં સૂર્ય સંક્રમણ કરી રહ્યો હોય તો બુધાદિત્યકાળ કહેવામાં આવે છે. આ કાળમાં બધા શુભ કાર્યો કરવા વર્જિત માનવામાં આવે છે. ૧૬મીએ સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે એવામાં આ સમયગાળા દરમિયાન શુભ કાર્યો થઈ શકતા નથી.





## ૧૬મી તારીખથી ધનારક કમુર્તા શરૂ

## વર્ષ ૨૦૨૩માં ફેબ્રુઆરી સુધી ૨૩ મુહૂર્ત

આવતા વર્ષે હોળી પહેલા લગ્ન માટે ૨૩ મુહૂર્ત રહેશે. તેમાં જાન્યુઆરીમાં ૯ અને ફેબ્રુઆરીમાં ૧૪ દિવસ લગ્નો યોજાશે. ૨૮મી ફેબ્રુઆરીથી હોળાષ્ટક શરૂ થશે. એટલે હોળી પહેલાના આઠ દિવસ માંગલિક કાર્યો માટે શુભ માનવામાં આવે છે. તે પછી ૧૫ માર્ચથી મીનમાસ થશે. આ દરમિયાન લગ્ન થઈ શકે નહીં. એટલે ૪મેથી લગ્ન સિઝન શરૂ થશે. જે ૨૭ જુની સુધી રહેશે.

**જાન્યુઆરી :** ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧ શુભ મુહૂર્ત

**ફેબ્રુઆરી :** ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૨, ૨૩, ૨૮ શુભ મુહૂર્ત

## શહેરભરમાં NRI લગ્નોમાં ઉછાળો

તાજેતરમાં લગ્નની સીઝન ચાલુ રહી છે ત્યારે શહેરભરમાં એનઆરઆઈની લગ્નની સિઝન પણ શરૂ થઈ ગઈ છે. લગ્ન પાછળ લોકો લાકોનો ખર્ચ કરી રહ્યા છે. ડિસેમ્બરથી જાન્યુઆરી એનઆરઆઈની લગ્નની સીઝન ગણાય છે. જેઓ લગ્નોમાં રોયલ એન્ટ્રી પાડવા માટે મોંઘી બગીઓ ભાડે મંગાવતા હોય છે અને ઉત્સાહપૂર્વક લગ્નો કરીને વિદેશ જાય છે.

## જન્મદિને વધામણી




મુકેશ શાહ
પ્રમુખ, એનસીપી, ગાંધીનગર શહેર




કડવાતર રમેશભાઈ નગીનભાઈ
મો. ૯૧૭૩૮ ૭૩૧૮૩



અરવિંદભાઈ પટેલ
રેડક્રોસ, ગાંધીનગર



ધ્રુવ શાહ
મો. ૯૭૨૭૫ ૧૯૨૪૨



પાર્થ પટેલ
મો. ૯૭૨૪૪ ૧૯૨૫૦



અર્ણવ મેહુલકુમાર કવિ
મો. ૯૬૨૪૯ ૪૪૮૨૦



લય શ્રીમાળી

# આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે સલાડ ડેકોરેશન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા ૮મીના રોજ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સલાડ ડેકોરેશનની સ્પર્ધા યોજાઈ હતી. જેનું આયોજન શાળાના શિક્ષિકાબેન કિરણબેન પટેલ તેમજ કલ્પનાબેન પટેલે કર્યું હતું. સ્પર્ધામાં ધોરણ - ૬, ૭, ૮ના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શાકભાજી, ફળ, ફણગાવેલા કઠોળ વગેરેના ઉપયોગ કરી ઝાડ, ઢીંગલી, ગાડી, ઘુવડ, મોર, ક્રિસમસ ટ્રી તેમજ અનેક ડિઝાઈન બનાવીને સુંદર પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં ધોરણ-૬ (૧) શ્વેત પંકજભાઈ શાહ (૨) કોમલબેન મથુરજી મેસરા, ધોરણ-૭ (૧) મેશ્વા રાજેન્દ્રકુમાર પટેલ (૨) માનવી દશરથભાઈ મોરે અને ધોરણ-૮ (૧) શિખા હિતેશકુમાર પરમાર (૨) નેન્સી સંદિપભાઈ બારોટ (૩) દીપ જયપ્રકાશ પટેલનો સમાવેશ થાય છે.

# અસાઈત સાહિત્ય સભા દ્વારા 'સીધુંને સટ'ને વર્ષ ૨૦૨૧નુ સર્વ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક

ગાંધીનગર, તા.૯

ત્રિપદા ફાઉન્ડેશન અને અસાઈત સાહિત્ય સભા, ઉંઝા દ્વારા પ્રતિવર્ષ 'સર્જન – સન્માન પુરસ્કાર'' એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત ૨૦૨૧ના સર્વશ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૧ના સર્જન – સન્માન પારિતોષિકમાં નગરના જાણીતા સર્જક અને ગાંધીનગર સમાચારના કટાર લેખક શ્રી પુલકભાઈ ત્રિવેદીના 'સીધુંને સટ' પુસ્તકની નિબંધ સંગ્રહ વિભાગમાં સર્વશ્રેષ્ઠ પુસ્તકના પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગરના લેખક ચિંતક અને વક્તા શ્રી પુલકભાઈ ત્રિવેદી રાજ્ય સરકારના માહિતી ખાતામાં વરિષ્ઠ અધિકારી તરીકે સેવાઓ બજાવે છે. તેમણે રાજ્ય સરકારના વિકાસલક્ષી પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. 'સીધુંને સટ' પુસ્તક અગાઉ તેમના નિષ્કર્ષ, ટૂંકુ ને ટચ, આસ્વાદ ત્રણ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. નિબંધ વિભાગમાં દ્વિતીય સ્થાન જાણીતા કવિ શ્રી હરદ્વાર ગોસ્વામીના પુસ્તક 'કલરવ'ને મળ્યું છે. નિર્ણાયક તરીકે જાણીતા સર્જક યશોધર રાવલે સેવાઓ આપી છે.

પ્રસ્તુત સર્જન – સન્માન પુરસ્કારના નવલકથા વિભાગમાં દક્ષા દામોદરાના 'સિધ્ધાર્થ' નવલકથાને પ્રથમ અને ગાંધીનગરના સર્જક રાઘવજી માધડની નવલકથા 'હૂકમની રાણી'ને દ્વિતીય સ્થાન મળ્યું છે. ટૂંકી વાર્તા વિભાગમાં પ્રભુદાસ પટેલની 'દેવ ચકલી'ને પ્રથમ અને ગીરીમા ધારેખાનની 'લંબચોરસ લાગણી'ને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે.

નાટક વિભાગમાં માધવ રામાનુજની 'જસમા'ને પ્રથમ અને રવિન્દ્ર પારેખના 'તર્પણ'ને દ્વિતીય સ્થાન મળ્યું છે. કવિતા વિભાગમાં પારુલ ખખ્ખરના 'કરિયાવરમા કાગળ'ને પ્રથમ અને નિરવ વ્યાસના 'ખડિયાની આરપાર'ને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે.

# ઈન્ફોસીટી સ્કુલના વિદ્યાર્થીઓના હેલ્થ ચેકઅપ કરાયું



ગાંધીનગર, તા.૯

ઈન્ફોસીટી શાળામાં હેલ્થ ચેકઅપનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ધો.૬થી૧૨ના તમામ વિદ્યાર્થીઓના હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યા હતા. આ માટે અર્બન હેલ્થ સેન્ટર સે-૨૪ની ટીમ હાજર રહી હતી. ડો.મેધાબેન મહેતા, ડો.દેવાંગભાઈ જોષી અને ફીમેલ હેલ્થ વર્કર મિત્તલબેન પટેલ હાજર રહયા હતા. આ ટીમે વિદ્યાર્થીઓના ચેકઅપની સાથે જરૂરી માર્ગદર્શન પણ પુરુ પાડયું હતું. શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા અને વૈષ્ણવે ટીમનો આભાર માન્યો હતો.

## મા નર્મદા પરિક્રમા પુસ્કતનું ૧૧મીએ લોકાર્પણ

ગાંધીનગર, તા.૯

નિવૃત સંયુકત માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલ લિખિત મા નર્મદા પરિક્રમા પુસ્તકનું લોકાર્પણ તા.૧૧, રવિવારે યોજાશે જેમાં પ્રજ્ઞાબેન પટેલે મા નર્મદાની પરિક્રમા કરી છે તે અનુભવો આ પુસ્કતમાં પ્રસિધ્ધ થવા છે. આ લોકાર્પણ કાર્યક્રમ શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ મંદિર, સે-૨૧ ઘ-૬ પાસે યોજાશે. આ પ્રસંગે કૃષ્ણકાંત જહા (તંત્રી, ગાંધીનગર સમાચાર), ડો. જયેન્દ્રસિંહ જાદવ (મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમી), અશોકભાઈ રીંડાણી (ડીજીએસ પેન્શર એસો. ગાંધીનગર) તુષાર પરીખ ( કોર્પોરેટર, ગાંધીનગર મનપા) દિતેશભાઈ એન.રાવલ (જિલ્લા સરકારી વકીલ ગાંધીનગર શુભેચ્છા- આશીર્વાદ પાઠવશે. આં કાર્યક્રમ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં સર્વેને ઉપસ્થિતિ રહેવા જાહેર આમંત્રણ પાઠ્યુ હતુ.


# શબદ અને ભારતમાં છુટાછેડા અને અલગતા પુસ્તકનું સાહિત્યસભા દ્વારા લોકાર્પણ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સતત ત્રીજા વર્ષે શબદ દિપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. આ વખતે કુલ ૧૩૦ પદ્ય રચનાઓ અને ૧૦૧ ગદ્ય રચનાઓ સાથે દળદાર દીપોત્સવી અંક તૈયાર થયો છે. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતની અધ્યક્ષતામાં આ પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

શબદ દીપોત્સવી અંકની સાથે ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય અને જાણીતા ધારાશાસ્ત્રી ડૉ. અશ્વિન ત્રિવેદીના પુસ્તક 'ભારતમાં છુટાછેડા અને અલગતા' અંગ્રેજી ગુજરાતી બન્ને ભાષામાં તૈયાર પુસ્તકનું લોકાર્પણ પણ રાખવામાં આવ્યું છે. ગુજરાત




સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા આ બન્ને પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવશે.

શબદ દીપોત્સવી અને ભારતમાં છુટાછેડા અને અલગતા લોકાર્પણ કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેક્ટર - ૭ ખાતે રવિવાર દિનાંક ૧૧ ડિસેમ્બરના રોજ સાંજે છ વાગ્યે આયોજિત કરવામાં આવ્યો છે. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને શબદ દીપોત્સવી અંક વિના મૂલ્યે આપવામાં આવશે, કાર્યક્રમના અંતમાં સુરુચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે એમ સાહિત્યસભાના ઉપાધ્યક્ષ કલ્પેશભાઈ પટેલે જણાવ્યું છે.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી




વકતૃત્વ કૌશલ્ય વિદ્યાર્થીઓના ઉચ્ચારણ, જ્ઞાન તથા અભિવ્યક્તિ પ્રદર્શિત કરવામાં મદદ કરે છે. વકતૃત્વ સ્પર્ધા વિદ્યાર્થીઓને તેમની સ્વ-અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદ કરે છે. તો આ હેતુથી સ્કુલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. આપેલા વિષયો પરથી વિદ્યાર્થીઓએ પોતાની આગવી શૈલીમાં તેમનું વક્તવ્ય રજૂ કર્યું હતું.

## જે.એમ.ચોધરી પ્રાથમિક શાળામાં સલાડ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૯

જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં સલાડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો ઘરેથી સલાડ લઈને આવ્યા હતા. જેમાં ગાજર, બીટ, કાકડી, કોબીઝ, ટામેટા વગેરે લઈને આવ્યા હતા. બાળકોને દરેકમાંથી મળતા પોષણ, વીટામીન વિશે જાણકારી આપવામાં આવી હતી. શિક્ષિકાબેન અને શાળાના આચાર્ય અંજનાબેન ચૌધરીએ બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# આઈઆઈટીને અત્યાર સુધીમાં રૂ.૧૦૦ કરોડનું દાન પ્રાપ્ત

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીએ તેની શરૂઆતથી જ દાન ભંડોળ પ્રાપ્તિમાં રૂ. ૧૦૦ કરોડને વટાવી દીધા છે.૨૦૦૮માં સાધારણ દાનથી શરૂઆત કરીને, ૧૪ વર્ષથી કાર્યરત આ સંસ્થા છેલ્લાં પાંચ વર્ષમાં સતત વાર્ષિક રૂ. ૧૦ કરોડથી વધુ એકત્ર કરી રહી છે. આઈઆઈટી-ગાંધીનગર એ વિશ્વભરમાં ફેલાયેલા તેના શુભચિંતકોના ઉદાર દાન સમર્થન સાથે આટલા ટૂંકા ગાળામાં આ નોંધપાત્ર સીમાચિહ્ન સુધી પહોંચ્યું છે, જેમણે વર્ષોથી તેની દૂરંદેશી શૈક્ષણિક નવીનતાઓ અને સંસ્થાકીય શાસન પ્રથાઓને પ્રતિસાદ આપ્યો છે. સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર તેના મોટા ભાગના યોગદાનકર્તાઓ બિન-આઈઆઈટી-ગાંધીનગર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દાતાઓ છે, મુખ્યત્વે ગુજરાતી મૂળના, ભારતમાં અથવા વિદેશમાં સ્થિત છે. આઈઆઈટી-ગાંધીનગરના ડાયરેક્ટર પ્રોફેસર રજત મૂનાએ જણાવ્યું હતું કે, ''આઈઆઈટી-ગાંધીનગર એ ટ્રેલબ્લેઝર છે જેણે તેના સમકાલીન લોકો માટે ઘણી નવી ક્ષિતિજો ખોલી છે. દાન રસીદોમાં રૂ. ૧૦૦ કરોડને વટાવવી, મુખ્યત્વે બિન-ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના શુભેચ્છકો દ્વારા, માત્ર તેના વિચારો અને દ્રષ્ટિ માટે જ નહીં, પરંતુ ક્રિયાઓ અને પરિણામોમાં તેમના રૂપાંતર માટે પણ શ્રદ્ધાંજલિ છે.

## ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના જ્ઞાતિબંધુઓ જોગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવનાર છે. ત્યારે જે જ્ઞાતિબંધઓના અભ્યાસ કરતાં બાળકો હોય તેમણે તા. ૨૦ ડિસેમ્બર સુધીમાં સમાજના પ્રમુખ આનંદપુરી ગોસ્વામી, ઉપપ્રમુખ હિતેશભારથી ગોસ્વામી, મંત્રી રસિકભારથી ગોસ્વામી, ઉપપ્રમુખ રાજેશગિરિ ગોસ્વામીને માર્કશીટની નકલ મોકલી આપવા મંત્રી રસિકભારથી ગોસ્વામીએ એક યાદીમાં જણાવ્યું હતું.